# જિલ્લા / તાલુકા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચુંટણી—૨૦૨૧ ઈવીએમ
# મત પત્રના છાપકામ માટેના ટેન્ડર ફોર્મ સાથેની શરતો

*ટેન્ડરની શરતો :—*

(૧) **પક્ષકારો ::**

આ કામના ટેન્ડર મંજુર કરનાર **"જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર, તાપી—વ્યારા"** ગણાશે અને ટેન્ડર રજુ કરનાર **"ટેન્ડરર"** ગણાશે જેઓ પક્ષકારો ગણાશે.

(૨) **જિલ્લા / તાલુકા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચુંટણી—૨૦૨૧ અન્વયે ઇવીએમ મતપત્રો છાપકામની પુરી પાડવા** માટે ટેન્ડર ભરવા ઈચ્છુક રસ ધરાવતા વ્યકિત/વેપારી/એજન્સી/પેઢી/સંસ્થા/મંડળી ઓ ઈજારાની કામગીરી સુપ્રત કરવા માટેના ટેન્ડરની વિગતો તેમજ ટેન્ડર દસ્તાવેજ (ટેન્ડર ફોર્મ) તા.૫/૦૨/૨૦૨૧ના રોજ ૧૮:૦૦ કલાક સુધી **https://tapi.gujarat.gov.in/circulars** અને **https://tapi.nic.in/document- category/others/** પરથી મેળવી શકાશે.મેળવેલ ટેન્ડર ફોર્મ જ વિગતો ભરીને પરત કરવાનું રહેશે. કચેરીના સિક્કાવાળુ જ ટેન્ડર ફોર્મ છેક છાક રહિત આર.પી.એડી./સ્પીડ પોસ્ટથી કલેકટરશ્રી તાપી,જિલ્લા સેવા સદન બ્લોક-૧-૨, પાનવાડી વ્યારા તા.વ્યારા જિ.તાપીના નામે મોકલવાનું રહેશે.

(૩) **અર્નેસ્ટ મની ડીપોઝીટ::**

(૩.૧) ટેન્ડર સાથે ટેન્ડર ફી રૂા.૧૦૦૦/— (અંકે રૂપિયા એક હજાર પુરાા) અને અર્નેસ્ટ મની ડીપોઝીટ તરીકે રૂા.૫,૦૦૦/— (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ની રકમનો **કલેકટર, તાપી—વ્યારા"** ના નામનો વ્યારા ખાતે ચુકવવાપાત્ર કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંક ઉપરનો ડીમાન્ડ ડ્રાફટ સામેલ કરવાનો રહેશે.

(૩.૨) ટેન્ડરર્સના અગાઉના કોઈ બાકી લેણાં અથવા અગાઉની કોઈ અર્નેસ્ટ મની ડીપોઝીટ કે અન્ય કોઈપણ પ્રકારની ડીપોઝીટને આ ટેન્ડર સંબંધે અર્નેસ્ટ મની ડીપોઝીટ તરીકે સ્વીકારવા વિનંતી કરી શકાશે નહી.

(૩.૩) અર્નેસ્ટ મની ડીપોઝીટ રજુ કરેલ નહી હશે તો તેવું ટેન્ડર ફોર્મ વિચારણામાં લીધા સિવાય પ્રાથમિક દ્રષ્ટિએ જ રદ ગણાશે.

(૩.૪) અર્નેસ્ટ મની ડીપોઝીટ પરત કરવાના પ્રસંગે કોઈપણ પ્રકારના વિલંબ અંગે કે ડીપોઝીટ પડી રહેવાની કારણે વ્યાજ અંગેની કોઈ માંગણી કરવાનો હકક દાવો રહેશે નહી.

(૪) ભરેલ ટેન્ડર ફોર્મ તા.૦૬/૦૨/૨૦૨૧ ના રોજ કચેરી સમય દરમ્યાન મળી જાય તે રીતે રજુ કરવાના રહેશે તેમજ તમામ દસ્તાવેજી પુરાવા ટેન્ડર સાથે મોકલી આપવાના રહેશે.

(૫) **ટેન્ડરર્સની સહી—ફોટો::**

(૫.૧) ટેન્ડરર્સએ ટેકનીકલ બીડ માં રજુ કરવાના થતાં તમામ પુરાવાઓના દરેક પાના ઉપર, સહીઓ અને પેઢી/કંપની/સંસ્થાના સંબંધમાં સિકકો પણ કરવાનો રહેશે.

(૫.૨) પુર્વ લાયકાત અંગેના ફોર્મમાં સહી કરનાર વ્યકિત, માલીકીની પેઢી/ ભાગીદારી પેઢી/કંપની/સંસ્થાના અધિકૃત વ્યકિત જ હોવા જોઈએ. અધિકૃત વ્યકિત સિવાયની વ્યકિતએ સહી કરેલ હશે તો, ફોજદારી તથા દીવાની કાર્યવાહી માટે જવાબદાર ગણાશે.

(૬) **રાજકીય પક્ષ સાથે હિત સંબંધ વિગેરે::**

ટેન્ડરર્સ કોઈપણ રાજકીય પક્ષના સભ્ય અથવા પક્ષ સાથે કોઈપણ પ્રકારે જોડાણ અથવા કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણી લડતાં ઉમેદવાર સાથે હિત સંબંધ ધરાવનાર હોવા જોઈએ નહી આ સંબંધે સોગદનામું રજૂ કરવાનું રહેશે.

(૭) **ટેન્ડરમાં ભરેલા ભાવમાં સમાવિષ્ટ બાબતો::**

ટેન્ડરમાં ભરવામાં આવેલ ભાવ, તમામ પ્રકારના ટેક્ષ સહિતના ગણાશે અને વર્કઓર્ડરની શરતો તથા ટેન્ડર મંજુર કરનાર કે જિલ્લા ચુંટણી અધિકારીશ્રીની સુચના મુજબ જણાવેલ વિગતે અત્રેની જિલ્લા કચેરીમા/તાલુકા કચેરીમાં પહોંચાડવા સુધીના ગણાશે. નિયમાનુસાર / કાયદાનુસારના ઈન્કમટેક્ષ જીએસટી ભરવાની જવાબદારી ટેન્ડરર્સની રહેશે.

(૮) **ટેન્ડરમાં કે શરતોમાં સુધારા::**

ટેન્ડર રજુ કરી દીધા બાદ તે પરત ખેંચવા અથવા રદ ગણવા અથવા તેની સાથેની કોઈ શરતોમાં સુધારો કરવાની અથવા કોઈ વિશેષ શરતો સ્વીકારવાની માંગણી ટેન્ડરર્સથી કરી શકાશે નહી.